દિવ્ય ભાસ્કર

Vapi 18 March, 2020

# ધરમપુરની રાજચંદ્ર વિદ્યાપીઠ વિદ્યાર્થીઓની કારકિર્દી ઘડતર માટે સેતુરૂપ માર્ગદર્શન

## કેમેસ્ટ્રી અને માઈક્રોબાયોલોજીના વિદ્યાર્થીઓ ઈન્ટર્નશીપ કરે છે

ભાસ્કર ન્યૂઝ | ધરમપુર

ધરમપુરના શ્રીમદ્ રાજચંદ્ર મિશનના ગુરુદેવ રાકેશભાઈની પ્રેરણાથી કાર્યરત શ્રીમદ્ રાજચંદ્ર વિદ્યાપીઠની વિદ્યાર્થીઓને ઔદ્યોગિક કંપનીઓમાં ઈન્ટર્નશીપ માટે મોકલવાની પહેલ શિક્ષણ અને વાસ્તવિક ઉદ્યોગો વચ્ચે સેતુરૂપ બની યોગ્ય કારકિર્દી ઘડતરમાં સહાયરૂપ બની રહી છે. અહીં યોગ્ય કારકિર્દી માટે સજ્જ થવા વિદ્યાર્થીઓને જાહેર ક્ષેત્રોની રીતભાત અને પર્સનાલિટી ડેવલપમેન્ટની પ્રવૃત્તિઓ અને




અભ્યાસક્રમ પૂર્ણ થયા બાદ યોગ્ય કારકિર્દી માટે માર્ગદર્શન અને સહકાર આપવામાં આવી રહ્યો છે. B.s. c. અને M.s. c.ની આ વિદ્યાપીઠના કેમેસ્ટ્રી અને માઈક્રોબાયોલોજીના વિદ્યાર્થીઓને ઔદ્યોગિક કાર્યના પ્રત્યક્ષ અનુભવ માટે આસપાસની કંપનીઓમાં 10થી 12 દિવસની ઈન્ટર્નશીપ કરાવવામાં આવે છે. હાલે T.Y.B.sc. અને M. sc.ના 30 ટકા વિદ્યાર્થીઓને ઈન્ટર્નશીપ કરાવવામાં આવી છે. અને આ વિદ્યાપીઠ ભવિષ્યમાં 100 ટકા ઈન્ટર્નશીપ કરાવવાનો ઉદ્દેશ ધરાવે છે.